# શહેરમાં ૨૪ કલાકમાં એક પણ કોરોનાનો કેસ નથી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં લોકડાઉનને પગલે નાગરીકો ઘરમાં પુરાયેલા જોવા મળે છે. શહેરના માર્ગો પણ સુમસામ બની ગયા છે. સવારથી સાંજ સુધી ગણ્યાંગાંઠ્યા નાગરીકો નજરે પડે છે. કોરોના ને લઈ નાગરીકોમાં જાગૃતિ આવી છે. નાગરીકો જીવન જરુરીયાતની ચીજવસ્તુઓ લેવા માટે ગણતરીની મિનીટો માટે બહાર જાય છે. ત્યારે મળતી વિગત મુજબ શહેરમાં છેલ્લા ચોવીસ કલાક કોરોનાનો એક પણ કેસ પોઝીટીવ નોંધાયો નથી. જે કોરોનાના દર્દીઓ પોઝીટીવ છે અને સારવાર હેઠળ છે તેઓ સ્ટેબલ છે. જયારે શહેરમાં ૩૫૦ થી વધુ નાગરીકો કોરેન્ટાઈલ હેઠળ છે.

## ગ્રામ્ય વિસ્તારમાં બે લાખ કુટુંબોનો સર્વે તો શહેરી વિસ્તારમાં ૨૩,૬૩૪ ઘરોનો સર્વે સંપન્ન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨,૦૦,૯૧૧ કુટુંબનો સર્વે કરવામાં આવ્યો છે જેમાં ૧૫૭૮ બિમાર વ્યક્તી હોવાનું માલુમ પડ્યુ છે. જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા ૭૩૮ લોકોને ઉકાળા તથા ૬૪૭ વ્યક્તીઓને હોમિયોપેથીની દવા આપવામાં આવી છે.

દરમ્યાન ગાંધીનગર શહેરમાં ૨૩,૬૩૪ ઘરોમાં રહેતા ૮૬,૪૦૯ લોકોને હાઉસ ટુ હાઉસ સર્વેમાં આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૧૦૯૪ વ્યક્તીઓ સામાન્ય બિમાર જણાઈ આવી છે.

હાઉસ ટુ હાઉસ સર્વે દરમ્યાન કોરોનાનું જનજાગૃતિ અભિયાન પણ તંત્ર દ્વારા ચાલી રહ્યું છે.

ગ્રામ્ય વિસ્તારની તુલનામાં શહેરી વિસ્તારમાં બિમાર વ્યક્તીઓની સંખ્યા વધુ જોવા મળી છે.

## મનપા દ્વારા વધુ ૮ને ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટરમાં ખસેડાયા

**ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટરમાં હાલ ૩૫ લોકો**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે વધુ ૮ લોકોને ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટરમાં મોકલવામાં આવ્યા છે. આ સાથે શહેરમાં ત્રણ જેટલા ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટર જે ઉભા કરાયા છે તેમાં ૩૫ લોકો હાલ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

મનપાના તંત્રએ જણાવ્યુ છે કે ક્વોરોન્ટાઈન સેન્ટરમાં રખાયેલા લોકોને જમવાનું ચા-પાણી અને નાસ્તાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે એટલુ જ નહિ બે સમય સવાર-સાંજ તબીબો દ્વારા તેમના આરોગ્યની તપાસ પણ કરવામાં આવી રહી છે.

શહેરમાં હાલ ૩૫૨ વ્યકતીઓ હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે. આ ઉપરાંત શહેરમાં હાલ વિવિધ સ્થાનોને સેનીટાઈઝેશન કરવાની કામગીરી પણ હાથ ધરાયેલ છે તેના દ્વારા સેનીટાઈઝેશન પણ શહેરનું ઝડપથી પુરૂ કરવામાં આવશે.

## છેલ્લે... છેલ્લે...

- ૨૧ દિવસના લોકડાઉનના પગલે રાજસ્થાન પોતાના વતન તરફ પગપાળા જતાં શ્રમિકો માટે ખાસ ૧૦ બસોની વ્યવસ્થા કરાઈ. ગાંધીનગરથી પસાર થતાં શ્રમિકોને નાસ્તો આપી બસમાં રાજસ્થાન બોર્ડર સુધી પહોંચાડવા નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલની સૂચનાને પગલે જિલ્લા તંત્ર દ્વારા વ્યવસ્થા કરાઈ છે.
- રાજ્યમાં હવે, પેટ્રોલ પંપ માત્ર આઠ કલાક જ ચાલુ રહેશે. ગુજરાત પેટ્રોલીયમ ડીલર્સ એસોસિએશન દ્વારા કરાયેલ નિર્ણય મુજબ આગામી ૨૦ દિવસ માટે સવારે ૮ થી સાંજના ૪ સુધી પેટ્રોલ મળી શકશે.
- લોકડાઉનના પગલે આવશ્યક ચીજવસ્તુઓના વેપારીઓ તથા શાકભાજી અને દૂધના વિતરકોને જિલ્લા તંત્ર દ્વારા પાસ અપાશે.
- કોરોના વાયરસ સંદર્ભે સહાયભૂત બનવા રાજ્યના શિક્ષકો દ્વારા એક દિવસના પગારની રકમ ૪૫.૩૪ કરોડ મુખ્યમંત્રીશ્રીની રાહતનિધિમાં જમા કરાવશે.
- વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી અને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીતભાઈ ચાવડાએ મુખ્યમંત્રીને મળીને વર્તમાન સ્થિતિમાં મદદરૂપ થવાની તૈયારી બતાવી હતી. ઉપરાંત કોંગ્રેસના તમામ ધારાસભ્યોને પોતાની ગ્રાન્ટમાંથી રૂ. ૧૦ લાખ ફાળવવા અપીલ કરી.
- માર્ગ પરિવહન મંત્રાલયે ૧૪મી સુધી દેશભરમાં ટોલટેક્ષ સ્થગિત કર્યો છે.

# શહેરમાં લોકડાઉનને અભૂતપૂર્વ સમર્થન

**ગાંધીનગર શહેરમાં તંત્ર અને નગરજનોની સતર્કતા થકી કોરોના વાયરસને નાથવા માટે 'ન ભૂતો, ન ભવિષ્ય' જેવો માહોલ.....**

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં નોવેલ કોરોના વાયરસને નાથવા અને તે મહારોગથી બચાવા માટે નગરજનો જાગૃત બની ગયા છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સમયાંતરે મળતી સૂચનાનું ચુસ્ત પડે પાલન કરી રહ્યાં છે. આજે ગાંધીનગર શહેરમાં જનતા કરફ્યુના અમલને સતત ચોથો દિવસ છે. છતાં પણ ગાંધીનગરના નગરજનો સતત ઘરમાં રહીને જિલ્લા વહીવટી તંત્રને સ્પોર્ટ આપી રહ્યાં છે. સતત ચાર દિવસનો માહોલ કોરોનાને નાથવા માટેનો આત્મ વિશ્વાસ આપી રહ્યો છે.

ગાંધીનગર શહેરમાં તા. ૨૨મી એ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલી અપીલને ગ્રાહ્ય રાખીને સમગ્ર નગરમાં આ દિવસે 'ન ભૂતો ન ભવિષ્ય જેવું' જનતા કરફ્યુ સ્વયમૂ નગરજનોએ પાલન કર્યું હતું. ત્યારબાદ કોરોના વાયરસની મહાબિમારીનો ભોગ બનતા નગરજનોને અટકાવા માટે રાજય સરકાર થકી મળેલી સૂચનાનું જિલ્લા કલેકટર શ્રી ડાં. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર. આર. રાવલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી ડાં. રતનકંવર ગઢવીચારણ અને જિલ્લા પોલીસ વડા શ્રી મયૂર ચાવડાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્રના કર્મનિષ્ઠ અધિકારીઓ અને કર્મયોગીઓએ હજુ પણ કોરોનાને નાથવા અને સંક્રમણ થતું અટકાવવા માટે જનતા કરફયુ જરૂરી છે. તેની અમલવારી કરવાનું શરૂ કરી દીધુ હતું. આ માટે ગાંધીનગરને શટ ડાઉન અને પછી લોકડાઉન કરવામાં આવ્યું હતું.



નગરજનો પણ કોરોના વાયરસને નાથવા માટે મનોમન થાની લીધું હોય તેમ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મળતા માર્ગદર્શનનું પાલન કરીને સતત ધંધા-રોજગાર બંધ કરીને પરિવાર સાથે સમયે આપી પરિવારની આત્મીયતાને જીવંત કરી રહ્યું છે. કયાંક કયાંક બહાર નીકળતા લોકોને પણ માર્ગમાં ઉભેલી પોલીસ સમજવી ન નીકળવાનો નમ્ર ભાવે અપીલ કરી રહી છે. તો કયાંક નવયુવાનોને સમજવા માટે પોલીસ તંત્રના કર્મયોગીઓ દ્વારા લાલઆંખ કરવામાં આવી રહી છે.

ઘરમાં રહેલા નગરજનો પણ હવે, કોરોનાની જાગૃતિ આવતાં આરોગ્ય ક્ષેત્રે ખડેપગે સેવા આપતાં ડાંકટરો, નર્સો, પેરામેડિકલ સ્ટાફ, સફાઈ કર્મીઓ અને અન્ય સ્ટાફની ફરજને ગાંધીનગરના નગરવાસીઓ સલામ કરી રહ્યાં છે. સતત સેવામાં કાર્યરત આવશ્યક અને જરૂરિયાત સેવામાં ફરજ બજાવતા કચેરીના કર્મયોગીઓનો પણ સતત જનતાનો સ્પોર્ટસ મળતાં ઉત્સાહ વધી રહ્યો છે. હવે, બસ આ રોગને નાથવો છે, તેવું મન સૌ કોઈ નગરજનો અને જિલ્લા વહીવટી તંત્રએ મનાવી લીધું છે. બાકી પરિણામની રાહ જોવાય છે. પરિણામ પણ સલામ ગાંધીનગર કહેવું પડે તેવું જ મળશે.... તે વિશ્વાસ આ માહોલ થકી મળી રહ્યો છે. આટલી હાહાકાર મચવતાં માહોલમાં પણ સંવેદના સતત જીવંત હોય તેવા દશ્યો નજરે પડી રહ્યાં છે. પોલીસ કર્મીઓ પોતાની ફરજ સાથે સેવાનું કામ પણ અનોખી રીતે કરી રહ્યાં છે.

## વેડા-વરસોડા પ્રા.આ. કેન્દ્રને ટેલી મેડીસીન હેઠળ આવરી લેવાયા

**વેડા-વરસોડાના આ બે કેન્દ્રોમાં ફોગીંગની કામગીરી કરાઈ : આ બે કેન્દ્રના ૧૭ કર્મયોગીઓને ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટરમાં તો ૨૨ને હોમ ક્વોરોન્ટાઈનમાં મોકલ્યા**

ગાંધીનગર, તા. તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના વેડા અને વરસોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ટેલી મેડીસનથી સારવાર આપવામાં આવશે તેવો મહત્વનો નિર્ણય જિલ્લા આરોગ્યતંત્રએ કર્યો છે એટલુ જ નહિ આજે આ બન્ને આરોગ્ય કેન્દ્રમાં ફોગીંગ કરવામાં આવ્યુ નથી.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રો પાસેથી મળેલ વિગતો પ્રમાણે વેડા પ્રા.આ. કેન્દ્રના ફાર્માસીસ્ટ અશોક પટેલને કોરોના વાઈરસ પોઝીટીવ આવતાં જ તંત્ર હરકતમાં આવ્યુ છે. એક દિવસ માટે અશોક પટેલે વરસોડા આરોગ્ય કેન્દ્ર ખાતે પણ ફરજ બજાવી હતી.

હરકતમાં આવેલા તંત્રએ આઈસોલેશનમાં જતા પહેલાં વેડા ખાતે ૧૩૭ અને વરસોડા ખાતે ૭૬ જેટલા દર્દીઓ સંપર્કમાં આવ્યા હતા. તંત્રએ આ ૨૧૩ દર્દીઓનું સ્કીનીંગ પણ પુરી કરી દીધી છે. જોકે કોઈને પણ લક્ષણો જણાયા નથી.

મળતી વિગતો પ્રમાણે આ બે કેન્દ્રોના ૩૭ જેટલા કર્મયોગીઓને પણ પ્રોફાઈલ એક્ટીક દવાઓ આપવામાં આવી છે. આ પૈકીના ૧૫ જેટલા કર્મયોગીઓને ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટરમાં રાખવામાં આવ્યા છે જ્યારે ૨૨ જેટલા કર્મયોગીઓને હોમ ક્વોરોન્ટાઈનની સલાહ આપવામાં આવી છે.

જિલ્લામાં હાલ માણસા ખાતે બે ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. પ્રેક્ષા ભારતી ખાતે પણ ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટર કાર્યરત છે. વેડા અને વરસોડા પ્રા.આ. કેન્દ્રોના લોકોને ટેલી મેડીસીન સેન્ટર દ્વારા દવાનો જથ્થો આપવામાં આવશે. આરોગ્યતંત્રના સૂત્રોનો દાવો છે કે કોઈએ ભયભીત થવાની કે ગભરાવાની જરૂર નથી. માત્ર સતર્કતા રાખે એ જરૂરી છે.

આ બે કેન્દ્રોનું ફ્યુમેગીશન કરવા માટેની વિચારણા પણ તંત્ર દ્વારા હાલ વિચારાધીન હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. સોલંકીના જણાવ્યાનુસાર જિલ્લામાં ૨૩૭ મુસાફરોએ ૧૪ દિવસનો ક્વોરોન્ટાઈનનો પિરીયડ પૂર્ણ કરેલ છે. હાલ જિલ્લામાં ૨૭૦ મુસાફરો ક્વોરોન્ટાઈન ઓબ્ઝર્વેશન પિરીયડમાં છે. જિલ્લામાં ૬૭૫ જેટલા વિદેશના મુસાફરો આવ્યા હતા જે નોંધનીય છે.

## કોરોના વાયરસની આફતને પહોંચવા રાહતનિધિમાં ફાળો આપવા અપીલ

**મુખ્ય મંત્રી રાહત નિધિમાં સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિકોને દાન આપવાની અપીલ કરતાં ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રી**

ગાંધીનગર

સમગ્ર વિશ્વ સહિત ગુજરાત રાજયમાં નોવેલ કોરોના વાયરસનો હાહાકાર મચી ગયો છે. કોરોના વાયરસની બિમારી સામે લડવા માટે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડાં. કુલદીપ આર્યએ મુખ્ય મંત્રી રાહત નિધિમાં જિલ્લાની સેવાભાવી સંગઠનો, ધાર્મિક સંસ્થાઓ અને નાગરિકોને સ્વૈચ્છિક ફાળો આપવાની નમ્ર ભાવે અપીલ કરી છે.

સમગ્ર ધંધા રોજગાર બંધ કરીને લોકોને ઘરમાં રહેવાની આગ્રહ ભરી વિનંતી દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી છે. આવા સમયે જરૂરિયાત મંદોની દવા અને અન્ય સુવિધા માટે રાજયના સંવેદનશીલ મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સ્વૈચ્છિક સંસ્થાઓ અને સેવાભાવી નાગરિકોને આગળ આવી સંકટ સમયમાં માનવતાની ભૂમિકા અદા કરવા માટે નમ્ર ભાવે મુખ્ય મંત્રી રાહતનિધિમાં દાન આપવા માટે અનુરોધ કર્યો છે.

જેને અનુસંધાને ગાંધીનગર જિલ્લાના કલેકટર શ્રી ડાં. કુલદીપ આર્યએ આ ઉમદા અભિગમને આવકારી ગાંધીનગરની સેવાભાવી સંસ્થાઓ અને નાગરિકોને મુખ્ય મંત્રી રાહત નિધિમાં દાન આપવા માટેની એક નમ્ર ભાવે અપીલ કરી છે. આ દાન સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિકો ચેક કે રાહત નિધિના બેંક એકાઉન્ટમાં સીધા જમા કરાવી શકશે. મુખ્ય મંત્રી રાહત નિધિમાંના બેંક એકાઉન્ટમાં જમા કરાવવા માંગતા દાતાઓએ A/C NAME : CHIEF MINISTER'S RELIEF FUND, A/C NO. 10354901554, SAVINGS BANK ACCOUNT, SBI , NSC BRANCH (08434), IFSC: SBIN0008434 કરી શકશે. તેમજ ચેક આપવા માંગતા નાગરિકો પોતાનો ચેક મને એટલે કે જિલ્લા કલેકટરશ્રીને આપી શકશે.

**ચૈત્રના પ્રારંભે અષાઢ આકાશે ચઢયો..**

## શહેરમાં આકાશી નઝારો બદલાયો : વરસાદી વાયરો

**બપોરે કેટલાક ઠેકાણે વરસાદી છાંટણા વરસ્યા : કોરોનાની સાથે કમોસમી વરસાદ પણ ટોક ઓફ ધ ટાઉન**



ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં આજે સવારે આકાશમાં અચાનક જ વરસાદી વાદળો ઘેરાઈ આવતા મોસમનો નઝારો બદલાયો હતો. વરસાદી વાયરા વચ્ચે બપોરના સમયે કેટલાક ઠેકાણે છાંટણા પણ પડયા હતા. કોરોના વાયરસની મહામારી વચ્ચે વાતાવરણમાં જોવા મળેલો નાટયાત્મક પલ્ટો ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. જયારે કમોસમી વરસાદના એંધાણ વચ્ચે જિલ્લાના ખેડુતોમાં પણ ચિંતાનુ મોજુ ફરી વળ્યુ હતુ. ગુજરાતમાં પણ કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસતા નગરજનોએ વિચિત્ર મોસમનો અહેસાસ કર્યો હતો. ચૈત્રના પ્રારંભે અષાઢી નઝારો જોવા મળ્યો હતો.

શહેરમાં આજે સવારથી જ હવામાનમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા

● અનુસંધાન પાન-૭ પર

## કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ૧૫ લાખ કોરોના સામે લડવા માટે ફાળવ્યા

**ખાનગી શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓ પાસે ફીની ઉઘરાણી અને લોકડાઉનમાં શ્રમિકોના પગાર માટે સરકાર સંવેદનશીલ નિર્ણય કરે તેવી માંગ કરી**

ગાંધીનગર, તા. ૨૫

કોરોના સામે લડવા માટે અલાયદુ ફંડ ઉભુ કરવાની સરકારની ઘોષણા સાથે જ કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે તેમને મળતી ગ્રાન્ટમાંથી રૂ. ૧૫ લાખની ફાળવણી કરતો પત્ર કલોલ પ્રાંત અધિકારીને આપી દીધો છે.

કોંગ્રેસના ધારાસભ્યો અમીત ચાવડા, વિપક્ષના નેતા પરેશ ધાનાણી, શૈલેષ પરમાર, લલિત વસોયા, પ્રતાપ દૂધાત, ગુલાબસિંહ રાજપૂતે પણ તેમની ગ્રાન્ટમાંથી રૂ. ૧૦ લાખ-રૂ. ૧૦ લાખ ફાળવી આપતા પત્રો લખ્યા છે.

વિપક્ષી નેતાએ કોંગ્રેસના તમામ સભ્યોને આ માટે ગ્રાન્ટ ફાળવવા પત્ર લખ્યો છે. દરમ્યાન કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કહ્યુ કે ખાનગી સ્કૂલો દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી ફી માંગવામાં આવી રહી છે તેમજ લોકડાઉનને કારણે મજૂરોના પગાર અટવાયા છે તેમના પ્રશ્નો બાબતે સરકારે તાકીદે દરમ્યાનગીરી કરી નિર્ણય કરવો જોઈએ. લોકડાઉનની પરિસ્થિતિમાં ત્રણ-ત્રણ મહિનાની ફી માંગવામાં આવી રહી છે જે અસહ્ય બાબત છે.

## લોકડાઉન વચ્ચે શાકભાજીના ભાવમાં પણ ૨૦ રૂપિયાનો વધારો

**નાગરિકો પાસેથી શાકભાજીના ભાવ વધુ વસુલવામાં આવતા નાગરિકોમાં રોષ**

ગાંધીનગર તા ૨૫

કોરોના વાયરસના કહેરથી બચવા શહેરમાં આગામી તા ૧૪ એપ્રિલ સુધી લોકડાઉન જારી કરાયુ છે. જેના લીધે શહેરમાં પણ સુનકાર જોવા મળે છે. જયારે બીજીતરફ શહેરમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મળી રહે તે માટે દવા , દુધ અને શાકભાજીની દુકાનો ખુલ્લી રાખવામાં આવે છે. આવા સંજોગોમાં શાકભાજી અને ફળોના વધુ ભાવો વસુલવામાં આવતા હોવાની બુમ પણ સ્થાનિકો ઉઠાવી રહ્યા છે. શાકદીઠ અંદાજિત ૨૦ રૂપિયા વધુ લેવાતા હોવાનો આક્રોશ પણ ગૃહીણીઓ ઠાલવી રહી છે.

શહેરમાં કોરોના વાયરસના કહેર વચ્ચે સરકારે આગામી તા ૧૪ એપ્રિલ સુધી લોકડાઉન જાહેર કર્યુ છે. જયારે લોકડાઉનના લીધે નગરમાં દિવસ દરમિયાન સન્નાટો જોવા મળી રહ્યો છે. નગરના શોપિંગ બજારો પણ બંધ છે. જયારે જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ જ ઉપલબ્ધ છે. જેમાં દુધ , ફળો અને શાકભાજી સહીત કરિયાણાની વસ્તુઓનો સમાવેશ થાય છે.પરંતુ આ લોકડાઉનની અસર વચ્ચે શાકભાજી જેવી જરૂરી ચીજવસ્તુઓમાં ભાવમાં વધારો વસુલવામાં આવી રહ્યો છે. સેકટરોના શોપિંગ બજારમાં પણ શાકભાજીના બેફામ ભાવ વસુલવામાં આવી રહ્યા છે. નાગરિકોની મળતી ફરિયદો મુજબ શાકભાજીની દરેક શાકભાજીમાં મરચા ૫૦ રૂપિયાના ૫૦૦, બટાટા ૩૦ ના કિલો, ડુંગળી ૪૦ ની કીલો કોબી ફુલાવર ૨૦ ના કીલો , ગલકા , તુરીયા, ટીંડોળા ,ગવાર પણ ૫૦૦ ગ્રામના ૪૦ થી ૫૦ રૂ લેવાય છે.

● અનુસંધાન પાન-૭ પર

## જીસીઈઆરટીના છાપકામ કામગીરીમાં ૬ કરોડની છેતરપિંડીની ફરિયાદ

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ સ્થિત ગુજરાત શૈક્ષણિક સંશોધન તાલિમ પરિષદ (જીસીઈઆરટી) ખાતે છાપકામના ટેન્ડરમાં આંટી-ઘુંટી કરીને રાજય સરકારને રૂ.૬ કરોડનો ચુનો ચોપડવાના મુદ્દે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. પ્રિન્ટીંગ ટેન્ડર મેળવનાર કંપનીના માલિક અને જીસીઈઆઈઆરટીના હિસાબી અધિકારી સામે ઉચાપતનો ગુનો નોંધાયો છે. તેઓએ ટેન્ડર ફોર્મના દસ્તાવેજમાં સુધારા-વધારા કરીને ખોટા દસ્તાવેજ બનાવી સરકાર સાથે છેંતરપિંડી કરી હતી.

સેકટર-૭ પોલીસ મથકે દ્વારા મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૧૨ ખાતે આવેલી શૈક્ષણિક સંસ્થા જીસીઈઆરટીના સચિવ વિનયગીરી રમેશગીરી ગોસાઈએ ફરીયાદ નોંધાવ્યા મુજબ વર્ષ ૨૦૧૩ ના વષમાં જીસીઈઆઈઆરટી ના સાહિત્ય તેમજ મેગેઝીનના છાપકામ માટે રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી પ્રા.લી.ને ટેન્ડર આપવામાં આવ્યું હતું. અમદાવાદના ઉસ્માનપુરા આશ્રમરોડ પર આવેલી કંપનીના ડિરેકટર નિકુંજ આર.ઠેકડી છે. જીસીઈઆઈઆરટી દ્વારા કંપનીને બહુરંગ પોસ્ટર્સ, ફોલ્ડર્સ, પુસ્તિકા, વિશેષાંક, બ્રોશર્સ, નિમંત્રણપત્રો, લિફલેટ્સના જરૂરીયાત મુજબ

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com